Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
Economical Rates & Fast Service
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૩૯ ● સળંગ અંક : ૧૧૨૭ ● પ્રકાશિત તા-૧૪-૮-૨૦૨૬,શુક્રવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની સૂચનાથી AMCએ બનાવ્યો 'માસ્ટર પ્લાન'

# અમદાવાદના આ ૪ વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યાનો આવશે કાયમી ઉકેલ

અમદાવાદમાં તાજેતરમાં પડેલા ૧૮ ઈંચ જેટલા ભારે વરસાદને કારણે આંબલી, બોપલ, ઘુમા અને શેલા જેવા વિસ્તારોમાં સર્જાયેલી જળભરાવની ગંભીર સમસ્યાની નોંધ ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિત શાહે લીધી છે. નાગરિકોની આ હાલાકીનો કાયમી અને આયોજનબદ્ધ ઉકેલ લાવવા માટે તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, અમદાવાદના મેયર અને મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને ખાસ ભલામણ કરી હતી.

હાઈડ્રોલોજિકલ સર્વે બાદ 'સ્ટોર્મ વોટર ડ્રેનેજ માસ્ટર પ્લાન' તૈયાર : કેન્દ્રીય ગૃહમંત્રીની સીધી સૂચનાના પગલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા તાત્કાલિક એક્શન મોડમાં આવીને સમગ્ર વિસ્તારમાં હાઈડ્રોલોજિકલ



અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો અને તેના આધારે ઝોનવાર સ્ટોર્મ વોટર ડ્રેનેજ માસ્ટર પ્લાન તૈયાર કરી લેવામાં આવ્યો છે.

સમસ્યા નિવારણ માટે કરાયેલું માળખાકીય આયોજનઃ નવું ડ્રેનેજ નેટવર્કઃ વર્ષ ૨૦૨૧માં AMCમાં ભળેલા આ વિસ્તારોની ભૌગોલિક સ્થિતિ અને ભૂતકાળમાં સ્ટોર્મ વોટર લાઈનના અભાવને ધ્યાને રાખીને, જ્યાં નેટવર્ક નથી ત્યાં નવું ડ્રેનેજ માળખું ઊભું કરાશે.

વોટર લોગિંગ સ્પોટ્સનો નિકાલઃ વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે નવી સ્ટોર્મ વોટર લાઈનો, ઈન્ટર-કનેક્શન અને આઉટફોલની કામગીરી હાથ ધરાશે.

લાંબા ગાળાનો ઉકેલઃ ભવિષ્યના શહેરીકરણને ધ્યાનમાં રાખીને ગોતા-ગોધાવી કેનાલ અને સાબરમતી નદી સાથે પાણીના નિકાલની વ્યવસ્થા જોડવાને પ્રાથમિકતા અપાશે.

અમિત શાહની આ પહેલ અને AMCની સમયબદ્ધ કાર્યવાહીથી આવનારા ચોમાસામાં આ વિસ્તારોના રહીશોને પાણી ભરાવાની મોટી સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે.

શ્રાવણ માસ નિમિત્તે ફરાળીમાં ૭૦ થી વધુ વેરાઈટી
૨૦ વર્ષથી જુના અને જાણીતા
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
અશોક નમકીન ભંડાર
મીઠાઈઓ - કાજુકતરી મળશે
નાગપાંચમ નિમિત્તે ખાજા મળશે
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઓમાં તાજુ તેમજ ૧૦૦% શુદ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કૂલ રોડ, નવા વાડજ, અમદાવાદ. મો : ૯૮૨૪૧૪૧૯૧૭

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે
તમામ ઉપવાસીઓને શુભેચ્છાઓ
ફરાળી વાનગીઓનો રસથાળ
ફરાળી બફવડા-ખીચડી
કટલેશ, ખમણ, ફુલવડી, પાતરા, વેફર, સ્પે.ફરાળી ચેવડો, ફરાળી ચવાણું, સાબુદાણાની ખીચડી મળશે
સ્વાદસભર પોષ્ટીક ગરમાગરમ નાસ્તાની રમઝટ
(જુના અને જાણીતા)
જયશ્રી ચામુંડા ફરસાણ સેન્ટર
ઉમિયા માતાજીના મંદિર પાસે, નવા વાડજ, અમદાવાદ.

શ્રાવણ માસ નિમિત્તે
ગરમા ગરમ બફવડા
સાબુદાણા વડા ફરાળી ખમણ
ફરાળી તીખો-મોળો ચેવડો
કેળા વેફર-બટાકા વેફર
શ્રી કૃષ્ણ ફરસાણ કોર્નર
વ્યાસવાડી ચાર રસ્તા,નવા વાડજ, અમદાવાદ

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### ટૂંક સમયમાં શહેરીજનો માટે ખુલ્લો મુકાય તેવી શક્યતા

# વાડજ-રાણીપ ફ્લાયઓવરનું કામ અંતિમ તબક્કામાં

અમદાવાદઃ અમદાવાદના વાડજ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે બનાવવામાં આવી રહેલા વાડજ-રાણીપ ફ્લાયઓવર બ્રિજની કામગીરી હવે અંતિમ તબક્કામાં પહોંચી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની ગુરુવારે મળેલી બેઠકમાં શહેરના વિવિધ વિકાસકામો અંગે ચર્ચા દરમિયાન વાડજ બ્રિજની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ બ્રિજની મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને જરૂરી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેને ટૂંક સમયમાં વાહનચાલકો માટે ખુલ્લો મુકવામાં આવશે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રીએ વાડજ બ્રિજ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે બ્રિજનું મોટાભાગનું કામ પૂર્ણ થઈ ગયું છે. હવે વચ્ચેના સ્પાનની લોડ ટેસ્ટની પ્રક્રિયા આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે. આ લોડ ટેસ્ટ પૂર્ણ થયા બાદ બ્રિજ પર ડામર રોડ બનાવવાની કામગીરી કરવામાં આવશે. બ્રિજને વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકતા પહેલાં તેની સલામતી અને ક્ષમતા ચકાસવા માટે વચ્ચેના સ્પાનની લોડ ટેસ્ટની પ્રક્રિયા મહત્વપૂર્ણ રહેશે. આગામી દિવસોમાં આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ બ્રિજના રોડ ઉપર ડામર પાથરવાની કામગીરી હાથ ધરાશે.હાલમાં વરસાદની સિઝન ચાલી રહી હોવાથી હવામાન અને વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને ડામર રોડની કામગીરી કરવામાં આવશે. ડામર રોડનું કામ પૂર્ણ થયા બાદ જરૂરી અંતિમ કામગીરી અને ચકાસણી પૂર્ણ કરીને બ્રિજને શહેરીજનો માટે ખુલ્લો મુકવાની દિશામાં કામગીરી આગળ વધશે.

વાડજ-રાણીપ ફ્લાયઓવર બ્રિજના નિર્માણ પાછળ આશરે રૂ. ૧૦૬.૫૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. લાંબા સમયથી ચાલી રહેલી આ કામગીરી હવે પૂર્ણતાના આરે પહોંચતા વાડજ, રાણીપ અને આસપાસના વિસ્તારોના વાહનચાલકોમાં રાહતની આશા જાગી છે.બ્રિજ શરૂ થયા બાદ વાડજ વિસ્તારમાંથી પસાર થતા વાહનચાલકોને ખાસ કરીને પીક અવર્સ દરમિયાન ટ્રાફિકમાં સમય ગુમાવવો ઓછો પડશે. હાલ જે રૂટ પર વાહનચાલકોને અલગ અલગ ટ્રાફિક સિગ્નલો પર રોકાવું પડે છે, ત્યાં ફ્લાયઓવરના કારણે સતત અને ઝડપી વાહનવ્યવહાર શક્ય બનશે.

વાડજ-રાણીપ ફ્લાયઓવરનો સૌથી મોટો ફાયદો એ થશે કે વાહનચાલકોને માર્ગમાં આવતા ત્રણ અલગ-અલગ ટ્રાફિક સિગ્નલ પર વારંવાર ઉભા રહેવાની જરૂરિયાતમાં ઘટાડો થશે. પરિણામે મુસાફરીનો સમય ઘટવાની સાથે ટ્રાફિકનું સંચાલન પણ વધુ સરળ બનશે.ખાસ કરીને વાડજ, રાણીપ અને આસપાસના વિસ્તારોમાં દરરોજ મોટી સંખ્યામાં અવરજવર કરતા લોકો માટે આ ફ્લાયઓવર મહત્વપૂર્ણ બની રહેશે.

### ’વંદે માતરમ’ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે AMC દ્વારા આયોજીત

# ચાંદલોડિયા-ચાંદખેડા વોર્ડમાં યોજાયેલી તિરંગા યાત્રાથી છવાયો દેશભક્તિનો માહોલ







અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દેશના રાષ્ટ્રગીત ’વંદે માતરમ’ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસર તથા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ શહેરના વિવિધ વિસ્તારોમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત ચાંદલોડિયા અને ચાંદખેડા વોર્ડમાં પણ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તિરંગાના રંગોથી સમગ્ર વિસ્તાર દેશભક્તિના માહોલમાં રંગાઈ ગયો હતો.


ચાંદલોડિયા વોર્ડમાં વિશ્વકર્મા મંદિરથી શરૂ થયેલી તિરંગા યાત્રા મુરલીધર ડેરી, સિલ્વર સ્ટાર ચાર રસ્તા, શિવમ ગેસ સહિતના માર્ગો પરથી પસાર થઈ અંદરના રોડ પર આવેલા બહુચર માતાના મંદિર સુધી પહોંચી હતી.આ યાત્રામાં સાબરમતી વિધાનસભાના ધારાસભ્ય ડૉ.હર્ષદભાઈ પટેલ, સ્થાનિક કાઉન્સિલરઓ, વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ તેમજ ભાજપના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. વિદ્યાર્થીઓ અને નાગરિકોએ હાથમાં તિરંગો લઈને ઉત્સાહપૂર્વક યાત્રામાં ભાગ લીધો હતો. સમગ્ર યાત્રા દરમિયાન દેશભક્તિના નારા અને રાષ્ટ્રપ્રેમની ભાવનાથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

તે જ રીતે ચાંદખેડા વોર્ડમાં તિરંગા યાત્રાનો પ્રારંભ એજ્યુકેશન સર્કલથી થયો હતો. ત્યારબાદ, યાત્રા વિશ્વકર્મા કોલેજથી ન્યૂ સી.જી. રોડ પર આવેલી સાકાર સ્કૂલ સુધી યોજાઈ હતી.

ચાંદખેડા વોર્ડમાં યોજાયેલી તિરંગા યાત્રામાં ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, કોર્પોરેશનના દંડકી અને કાઉન્સિલરી અતુલ મિશ્રા સહિત અન્ય કાઉન્સિલરઓ, વિવિધ શાળાના વિદ્યાર્થીઓ, સ્થાનિક નાગરિકો તેમજ ભાજપના આગેવાનો જોડાયા હતા. મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને નાગરિકોએ હાથમાં તિરંગો લઈને ઉત્સાહપૂર્વક યાત્રામાં ભાગ લીધો હતો અને ’વંદે માતરમ’ તથા ’ભારત માતા કી જય’ના નારા લગાવી સમગ્ર વાતાવરણને દેશભક્તિના રંગે રંગી દીધું હતું.

બંને વોર્ડમાં યોજાયેલી તિરંગા યાત્રા દરમિયાન તિરંગા સાથે વિદ્યાર્થીઓ, નાગરિકો અને આગેવાનોની ઉત્સાહભેર સહભાગિતાથી રાષ્ટ્રપ્રેમની અનોખી ઝલક જોવા મળી હતી.સમગ્ર યાત્રા દરમિયાન દેશભક્તિના નારા અને ’વંદે માતરમના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

’વંદે માતરમ’ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસર તથા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે યોજાયેલી આ તિરંગા યાત્રાઓ થકી ચાંદલોડિયા અને ચાંદખેડા વોર્ડમાં એકતા, રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિનો માહોલ સર્જાયો હતો. વિદ્યાર્થીઓથી લઈને સ્થાનિક નાગરિકો અને જનપ્રતિનિધિઓની ઉત્સાહભેર સહભાગિતાએ આ ઉજવણીને વધુ ભવ્ય અને યાદગાર બનાવી હતી.

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ
અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ
મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે
મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/
mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર
mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા
દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી

PURE VEG.
& A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪,
મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ
સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## રીડેવલપમેન્ટમાં ૯૫ ટકા સભ્યોની સંમતિ છતાં મુઠ્ઠીભર અસંમત સભ્યોનો વિરોધ બન્યો અવરોધ

# રીડેવલપમેન્ટ પ્રક્રિયામાં અસંમત સભ્યોની જવાબદારી નક્કી થવી જોઈએ...!!

### મુઠ્ઠીભર અસંમત સભ્યોના કારણે સેંકડો પરિવારના જીવ જોખમમાં: રીડેવલપમેન્ટ અટકાવનારાઓની કાયદાકીય જવાબદારી નક્કી કરવી જરૂરી

**જો ૯૦ થી ૯૫ ટકા કે તેથી વધુ સભ્યો રીડેવલપમેન્ટ માટે તૈયાર હોય અને મકાનની હાલત પણ જોખમી હોય, તો માત્ર મુઠ્ઠીભર સભ્યોના વિરોધને કારણે સમગ્ર પ્રક્રિયા વર્ષો સુધી અટકી રહેવી જોઈએ નહીં...**

અમદાવાદ: અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા વર્ષો પહેલાં બનાવવામાં આવેલા અનેક ફ્લેટ ટાઈપ મકાનો હવે જર્જરિત હાલતમાં પહોંચી ગયા છે. મકાનોની છત, સ્લેબ, પેરાફિટ અને દીવાલોના ભાગો ધરાશાયી થવાની ઘટનાઓ સમયાંતરે સામે આવી રહી છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં આવી ઘટનાઓનું પ્રમાણ વધતું હોવાનું જોવા મળે છે. બીજી તરફ, અનેક જૂની હાઉસિંગ સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની પ્રક્રિયા શરૂ થઈ હોવા છતાં માત્ર બે-પાંચ ટકા જેટલા અસંમત સભ્યોના વિરોધને કારણે સમગ્ર પ્રક્રિયા લાંબી ખેંચાઈ રહી હોવાની ચર્ચાઓ સામે આવી છે.

જૂના મકાનોની હાલતને જોતા રીડેવલપમેન્ટ હવે માત્ર સુવિધા કે મિલકતના મૂલ્ય સાથે જોડાયેલો મુદ્દો નહીં, પરંતુ રહેવાસીઓની સલામતી સાથે જોડાયેલો પ્રશ્ન બની રહ્યો છે. અમદાવાદના સોલા, નારણપુરા, નવા વાડજ સહિત પૂર્વ વિસ્તારની અનેક જૂની સોસાયટીઓમાં મકાનોની જર્જરિત સ્થિતિ અંગે રહેવાસીઓમાં ચિંતા જોવા મળી રહી છે.

તાજેતરમાં નારણપુરાના શ્રદ્ધાદીપ એપાર્ટમેન્ટમાં ફ્લેટની છતનો મોટો હિસ્સો ધરાશાયી થયાની ઘટના સામે આવી હતી. સદનસીબે પરિવારના સભ્યો તે સમયે બાજુના રૂમમાં હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. નવા વાડજના ઉત્સવ એપાર્ટમેન્ટમાં પણ છતનો મોટો ભાગ અચાનક ધરાશાયી થવાની ઘટના બની હતી. નંદનવન એપાર્ટમેન્ટમાં પણ આ વર્ષે છત કે પોપડા ધરાશાયી થવા જેવી અનેક ઘટનાઓ સામે આવી હોવાનું રહેવાસીઓ દ્વારા જણાવાયું છે. ખાસ કરીને ત્રીજા માળે રહેતા પરિવારો માટે પરિસ્થિતિ વધુ જોખમી બની રહી છે અને કેટલીક જગ્યાએ છતમાં સળિયા દેખાઈ રહ્યા હોવાની ફરિયાદો પણ છે.

અમદાવાદની અનેક હાઉસિંગ સોસાયટીઓમાં જૂના મકાનોના રીડેવલપમેન્ટ માટે પ્રક્રિયા ચાલી રહી છે. કેટલીક સોસાયટીઓમાં ગુજરાત હાઉસિંગ બોર્ડની પ્રક્રિયા હેઠળ બિલ્ડર ફાળવણી સહિતના તબક્કા પણ આગળ વધ્યા છે. બહુમતી સભ્યો રીડેવલપમેન્ટ માટે સંમત હોવા છતાં થોડા સભ્યોની અસંમતિને કારણે પ્રોજેક્ટ અટકી જતો અથવા લાંબો સમય લટકતો હોવાની ચર્ચાઓ ઉઠી છે.

સોસાયટીના સભ્યોનું કહેવું છે કે જો ૯૦ થી ૯૫ ટકા કે તેથી વધુ સભ્યો રીડેવલપમેન્ટ માટે તૈયાર હોય અને મકાનની હાલત પણ જોખમી હોય, તો માત્ર મુઠ્ઠીભર સભ્યોના વિરોધને કારણે સમગ્ર પ્રક્રિયા વર્ષો સુધી અટકી રહેવી જોઈએ નહીં. બીજી તરફ, અસંમત સભ્યોના અધિકારો અને કાયદેસરની પ્રક્રિયાનું પણ રક્ષણ થવું જરૂરી છે. આથી બહુમતીના નિર્ણય અને વ્યક્તિગત સભ્યોના કાયદેસરના અધિકારો વચ્ચે સંતુલન જાળવીને પ્રક્રિયા ઝડપી બનાવવા માટે સ્પષ્ટ વ્યવસ્થાની માંગ ઉઠી રહી છે.

રીડેવલપમેન્ટ ક્ષેત્રના નિષ્ણાતો અને સોસાયટીના આગેવાનોમાં હવે ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહેવાસીઓ અને એસોસિએશન દ્વારા હવે આક્રમક વલણ અપનાવવાની માંગ ઉઠી રહી છે.રીડેવલપમેન્ટ ક્ષેત્ર સાથે સંકળાયેલા જાણકારોના મતે, જ્યાં મકાનની સ્થિતિ અત્યંત જર્જરિત હોય અને રીડેવલપમેન્ટ માટે બહુમતી સભ્યો સંમત હોય, ત્યાં અસંમતિ ધરાવતા સભ્યો પાસેથી તેમની સ્થિતિ અંગે લેખિત ખુલાસો અથવા બાંહેધરી લેવાની ચર્ચા થઈ રહી છે. આવી બાંહેધરીમાં તેઓ રીડેવલપમેન્ટ સામે શા માટે વાંધો ધરાવે છે અને મકાનની વર્તમાન સ્થિતિ અંગે તેમની ભૂમિકા શું છે તે સ્પષ્ટ કરાવવામાં આવે તેવી માંગ છે.

કેટલાક લોકો દ્વારા અસંમત સભ્યોનો સામૂહિક બહિષ્કાર કરવા અથવા રીડેવલપમેન્ટમાં અવરોધ નહીં ઊભો કરે તેવી ખાતરી લેવાની વાત પણ કરવામાં આવી રહી છે. કેટલાક સભ્યો અને આગેવાનોનું માનવું છે કે જો જર્જરિત મકાનમાં અકસ્માત થાય તો માત્ર બહુમતી સભ્યો જ નહીં, પરંતુ રીડેવલપમેન્ટમાં સતત અવરોધ ઊભો કરનારા સભ્યોની ભૂમિકા અંગે પણ જવાબદારી નક્કી થવી જોઈએ.

હવે સમય આવી ગયો છે કે હાઉસિંગ સોસાયટીઓ અને તંત્ર જાગૃત થાય. રીડેવલપમેન્ટ અટકાવતા અસંમત સભ્યોની સીધી કાયદાકીય અને નાણાકીય જવાબદારી નક્કી કરવામાં આવે જેથી સેંકડો પરિવારોને કાળમુખી જર્જરિત છતમાંથી મુક્તિ મળી શકે અને સુરક્ષિત આશરો મળી રહે.

## રીડેવલપમેન્ટમાં જવાબદારી મામલે ગુજરાત હાઉસિંગ વસાહત મંડળ શું કહે છે...?

અમદાવાદ : હાઉસિંગ વસાહત મંડળ એવું વિચારે છે કે આજકાલ વરસાદના કારણે જુના ૩૫ કે ૩૦ વર્ષ જૂના કે જેમાં મોટાભાગના એલઆઈજી અને એમઆઈજીના મકાનોમાં ધાબા કે છત પડવાના અથવા તો તેના ગાબડા પડવાના અથવા ગેલેરી પડવાના બનાવો બન્યા કરે છે પરંતુ પ્રભુ કૃપાથી કોઈ જગ્યાએ જાનહાનિ થઈ નથી. જે સોસાયટીઓમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા બિલ્ડરો ફાળવી દેવામાં આવ્યા હોય અને બહુમતી લોકોએ તેમાં સહમત થવા તૈયાર હોય ત્યારે અસહમત સભ્યો કે જેમાં ઘણા ગણ્યાગાઠા લોકો પોતાના અંગત સ્વાર્થ ખાતર મહત્તમ ડેવલોપર તરફથી કે હાઉસિંગ બોર્ડ તરફથી તેના નિયમ મુજબ મળવા પાત્ર હોય તે બધું આપતા હોવા છતાં અમલીકરણ થઈ શકતું નથી. એટલું સારું છે કે સરકાર દ્વારા જે મકાનો જર્જરીત જાહેર થઈ ગયા છે.લોકોની ફરિયાદ મુજબ, અમે બધા તૈયાર છીએ અમારા ધાબાઓને ગેલેરી જર્જરીત થઈ ગયા છે ગમે ત્યારે અકસ્માત થવાની તૈયારી છે તેવા સંજોગોમાં કેટલાક અસહમત સભ્યના કારણે યોજનાઓ અટકી પડી હોય તો આવી સોસાયટીઓમાં જો કોઈ આકસ્મિક બનાવ બને તો તેની જવાબદારી રીડેવલપમેન્ટમાં નડતરરૂપ બનનારના ઉપર નાખવી જોઈએ, તો જ રીડેવલપમેન્ટ સરળ બનશે અને જાનહાની ટાળી શકાશે. બીજું ખાસ કે એલઆઈજી અને એમઆઈજીમાં રહેતા વસાહતીઓમાં મોટાભાગનાની આર્થિક સક્ષમતા નથી તેથી પોતાના ધાબા, ગેલરીયો કે મકાનને સંપૂર્ણપણે ખર્ચો કરીને સુરક્ષિત બનાવી શકે તેમ નથી તો આ વાતને ધ્યાનમાં રાખી ભવિષ્યમાં કોઈ જાનહાનિ ન થાય તે વાત ખાસ નોંધ લેવી જોઈએ એવું મારું નમ્ર સુચન છે...

મંડળના મતે, હાલની પરિસ્થિતિમાં મુદ્દો માત્ર 'કોણ રીડેવલપમેન્ટ માટે સંમત છે અને કોણ અસંમત' એટલો જ નથી. મુદ્દો એ પણ છે કે જર્જરિત મકાનમાં રહેતા પરિવારની સલામતી કેટલી વધુ રાહ જોઈ શકે? ચોમાસામાં છત, ધાબા કે ગેલેરીના ભાગો પડવાની ઘટનાઓ ભવિષ્યમાં મોટી દુર્ઘટનામાં ન ફેરવાય તે માટે રીડેવલપમેન્ટની ઝડપી, પારદર્શક અને કાયદેસરની પ્રક્રિયા તથા રહેવાસીઓની સુરક્ષા—બન્નેને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની જરૂર છે.




### અમદાવાદમાં વરસાદી આફત બાદ વેપારીઓને મોટી રાહત

# લારી-રેકડીથી દુકાનદારોને મળશે મોટી સહાય

અમદાવાદ શહેરમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને તેના કારણે સર્જાયેલી પૂર જેવી સ્થિતિને પગલે વેપાર-ધંધાને અકલ્પનીય નુકસાન પહોંચ્યું છે. અનેક નીચાણવાળા વિસ્તારોમાં દુકાનો અને ગોડાઉનોમાં પાણી ભરાઈ જવાને કારણે માલસામાન નાશ પામ્યો છે, જેનાથી નાનાથી લઈ મોટા વેપારીઓની કમર તૂટી ગઈ છે. આ આર્થિક સંકટમાંથી વેપારીઓને ઉગારવા અને ફરીથી બેઠા કરવા માટે ગુજરાત સરકારે સંવેદનશીલ અભિગમ અપનાવીને અમદાવાદના વેપારીઓ માટે એક વિશેષ અને ઉદાર 'રાહત પેકેજ'ની જાહેરાત કરી છે.

રાજ્ય સરકારના આ પેકેજમાં સૌથી વધુ ધ્યાન નાના અને છૂટક વેપારીઓ પર આપવામાં આવ્યું છે, જેઓ રોજનું કમાઈને રોજ ખાય છે. રસ્તા પર લારી કે રેકડી ચલાવીને ગુજરાન ચલાવતા નાના ફેરિયાઓ, જેમનો માલસામાન વરસાદમાં પલળી ગયો છે અથવા તણાઈ ગયો છે, તેમને આર્થિક ટેકો આપવા માટે સરકાર દ્વારા ઉચ્ચક રૂ. ૭,૫૦૦ની રોકડ સહાય જાહેર કરવામાં આવી છે. આ સહાયથી તેઓ ફરીથી નવો માલ ખરીદીને પોતાનો ધંધો શરૂ કરી શકશે.

તદુપરાંત, રસ્તાના કિનારે નાની કેબિન કે પાકા ગલ્લા ધરાવતા વેપારીઓ, જેમના માલસામાન અથવા કેબિનને નુકસાન થયું છે, તેમને સરકાર દ્વારા રૂ. ૨૫,૦૦૦ સુધીની આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે. આ સહાયનો ઉદ્દેશ્ય એ છે કે નાના વેપારીઓને ધંધો ફરીથી જમાવવા માટે જરૂરી પ્રાથમિક પૂંજી મળી રહે.

આ પેકેજ માત્ર લારી-ગલ્લા પૂરતું સીમિત નથી. જે વેપારીઓની દુકાન પાકા મકાનમાં છે અને તેઓ નિયમિતપણે જી્ રિટર્ન ભરે છે, તેમના માટે પણ સરકારે વિશેષ સહાયની જાહેરાત કરી છે. આ શ્રેણીમાં સહાયની રકમ નક્કી કરવા માટે દુકાનદારના માસિક ટર્નઓવરને ધ્યાનમાં લેવામાં આવ્યું છે, જે એક આવકારદાયક પગલું છે.

સરકારની જાહેરાત મુજબ, જે વેપારીઓનું માસિક ટર્નઓવર રૂ. ૭.૫૦ લાખથી લઈ રૂ. ૧૫ લાખ કે તેથી વધુ છે, તેમને થયેલા વાસ્તવિક નુકસાનના આધારે સહાય આપવામાં આવશે. આવા વેપારીઓ માટે વધુમાં વધુ રૂ. ૧ લાખ સુધીની સહાયની મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ માટે વેપારીઓએ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે અને જરૂરી પુરાવા રજૂ કરવાના રહેશે.

અમદાવાદમાં વરસાદી આફત બાદ વેપારી આલમ નિરાશામાં ડૂબી ગયો હતો. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલું આ રાહત પેકેજ ચોક્કસપણે વેપારીઓ માટે સંજીવની સમાન સાબિત થશે. લારી-ગલ્લા ધારકોથી લઈને મોટા કરદાતા વેપારીઓને આવરી લેતું આ એક સર્વસમાવેશી પેકેજ છે, જે અમદાવાદના અર્થતંત્રને ફરીથી પાટા પર લાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. સરકારના આ નિર્ણયોથી વેપારીઓમાં ફરીથી આશા અને ઉત્સાહનો સંચાર થયો છે.




## AMCનો માનવતા મહેકાવતો નિર્ણય; શબવાહિની સેવા હવે નિઃશુલ્ક


અમદાવાદ મહાનગરપાલિકાએ નાગરિકોના હિતમાં વધુ એક માનવતાભર્યો નિર્ણય લીધો છે. શહેરમાં મૃતદેહને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવા માટે ઉપયોગમાં લેવાતી શબવાહિની સેવા હવે સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવી છે. આ નિર્ણયથી મૃતકના પરિવારજનોને મોટી રાહત મળશે.

અગાઉ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શબવાહિની સેવાનો ઉપયોગ કરવા માટે રૂપિયા.૫૦નો ચાર્જ લેવામાં આવતો હતો. જોકે હવે કોર્પોરેશને આ ચાર્જ દૂર કરવાનો નિર્ણય કર્યો છે. પરિણામે શહેરના નાગરિકોને શબવાહિની સેવા માટે કોઈપણ પ્રકારની રકમ ચૂકવવી પડશે નહીં. મૃત્યુના સમયે પરિવારજનો પહેલેથી જ ભાવનાત્મક અને આર્થિક મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યા હોય છે. આવા સમયે મૃતદેહને અંતિમવિધિ માટે લઈ જવા માટેની શબવાહિની સેવા મફત કરવામાં આવતા પરિવારજનોને આર્થિક રીતે પણ રાહત મળશે. મહાનગરપાલિકાના આ નિર્ણયને નાગરિકો માટે માનવતાવાદી અને જનહિતકારી પગલું માનવામાં આવી રહ્યું છે. ખાસ કરીને આર્થિક રીતે નબળા પરિવારો માટે આ નિર્ણય મહત્વપૂર્ણ સાબિત થશે.










Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.